## આજે પી.કે. લહેરીનો ૭૩મો જન્મદિવસ



ગાંધીનગર, તા. ૨૭

પૂર્વ મુખ્ય સચિવ, પૂર્વ ચેરમેન અને એમ.ડી. સરદાર સરોવર નર્મદા નિગમ, સોમનાથ ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી, સદવિચાર પરિવારના ટ્રસ્ટી, ગુજરાત ડેલી ન્યુઝ પૅપર એસોસિયેશનના ચેરમેન પી.કે. લહેરીનો આજે ૭૩મો જન્મદિવસ છે.

## એલ.ડી.આર.પી. કોલેજના વિદ્યાર્થીઓએ હેકાથોન-૨૦૧૮માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું



ગાંધીનગર, તા. ૨૭

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા 'સ્માર્ટ ગુજરાત ફોર ન્યૂ ઈન્ડિયા હેકાથોન ૨૦૧૮'ની થીમ પર એક મેગા ઈવેન્ટ યોજાઈ ગઈ, જેમાં ગુજરાતના ૧૫ જિલ્લાની ૧૧ યુનિવર્સીટીના ૧૫૦ ટીમમાં કુલ ૯૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સરકારના વિવિધ ૧૭ ડીપાર્ટમેન્ટ આ ઈવેન્ટમાં સામેલ હતા. આ ૧૭ ડીપાર્ટમેન્ટ પૈકી સ્પોર્ટ્સ, યુથ અને કલ્ચર કેટેગરીમાં એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચના કોમ્પ્યુટર અને આઈ.ટી. વિભાગ છઠ્ઠા સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને રૂપિયા ૫૦,૦૦૦ની ધનરાશિનું ઈનામ પ્રાપ્ત કરેલ છે. આ ઈનામ વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એનાયત થયો હતો. આ ઉપલબ્ધી બદલ કોમ્પ્યુટર અને આઈ.ટી. વિભાગ, સંસ્થાનાં પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા, મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ તથા ચેરમેન વલ્લભભાઈ પટેલે વિજેતા ટીમના દરેક વિદ્યાર્થી અને તેમના મેન્ટરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

## ગાંધીનગરમાં રાજ્યપાલના હસ્તે બે સાહિત્યસર્જકોને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૨૭

અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા, વર્ધાના ઉપક્રમે રાજ્યપાલ ઓ પી કોહલીના હસ્તે બે સાહિત્યકારોને હિન્દી સેવી સરસ્વતી સન્માન આપવા માટે એક કાર્યક્રમનું આયોજન ૩૧ માર્ચના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા, વર્ધાના મહાસચિવ નરેન્દ્ર દંઢારે, રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરતના અધ્યક્ષ અતુલ પાઠકજી અને ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ નટવર હેડાઉએ જણાવ્યું છે કે રાજયપાલના હસ્તે વરિષ્ટ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને સુરત નિવાસી હિન્દી સેવી ડૉ. સુષમા અય્યરને રાજભવન, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે આયોજિત એક સમારોહ અંતર્ગત હિન્દી સેવી સરસ્વતી સન્માન પ્રદાન કરશે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

## શિવરંજની સંસ્થા દ્વારા બુધવારે હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

શિવરંજની દ્વારા સંસ્થાના તમામ ગુણીજન સભ્યો માટે ગાંધીનગરમાં સંગીતને લગતા શિષ્ટ કાર્યક્રમો કરવામાં આવે છે. સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પરંપરામાં આ વખતે તા. ૨૮ માર્ચ ને બુધવારના રોજ વર્ષ ૨૦૧૭-૧૮ના અંતિમ કાર્યક્રમ તરીકે હિન્દી ફિલ્મી ગીતોનો જલસો અને સાથે સાથે ખાસ નજાકતભર્યાં નૃત્યોનું નજરાણું 'સદાબહાર' યોજાનાર છે.

શ્રોતાઓ જેને કાયમી રીતે ગણગણતા હોય છે તેવાં અણમોલ-મોંઘેરાં, કાયમી યાદગાર હિન્દી ફિલ્મોનાં અદ્ભૂત ગીતો સાથે ખાસ નજાકતભર્યાં નૃત્યોનું નજરાણું પણ પેશ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ માટે હસિત વોરા, અનિકેત ખાંડેકર, દક્ષાબેન ગોહિલ, અભિજિત રાવ, નયના શર્મા, સોનિક સુથાર જેવા કલાકારો પોતાનું પરફોર્મન્સ આપનાર છે ત્યારે આવા સુંદર કાર્યક્રમો (વર્ષ ૨૦૧૭-૧૮માં બે દિવસના 'સ્વરોત્સવ-૨૦૧૭' બાદ 'બરખા કે રંગ' 'જુગલબંધી કાર્યક્રમ' અને 'પટારો' આગામી વર્ષ માણવા માટે સંસ્થાનું સભ્યપદ રિન્યુ કરાવવું જરૂરી છે તેથી ગુણીજનોને પોતાનું સભ્યપદ સાથે એક નવા ગુણીજને લઈ આવીને રિન્યુ કરાવવા સંસ્થા તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ સર્જકો સાથે સંવાદ કર્યો

ગાંધીનગર, તા. ૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડલ, ગાંધીનગર સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ, ઝંકાર ગ્રુપ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'હું અને મારી સર્જનયાત્રા'માં ચાર સર્જકોએ પોતાની કેફિયત રજૂ કરી હતી. જેમાં વાર્તાકાર અને નવલકથાકાર રજની કુમાર પંડ્યા, સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈ, વાર્તાકાર અને લોકસાહિત્યના અભ્યાસુ અને સર્જક રાઘવજી માધડ અને કવિ, નાટ્યકાર, વાર્તાકાર વિવેચક ડૉ. કનૈયાલાલ ભટ્ટે શ્રોતાઓ સાથે પોતાની સર્જનયાત્રાની રજૂઆત, પ્રભાવ અને અભિવ્યક્તિ પોતીકા અનુભવો - પ્રસંગો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ધૈવત શુક્લએ કર્યું હતું ત્યારબાદ આભારવિધિ ઝંકાર કોમ્યુનિકેશનના પ્રમુખ કુંપલ દવેએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના અધ્યક્ષ સ્થાને ડૉ. લીલા સ્વાદિયાએ કર્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ, વાર્તાકાર મોહનભાઈ પરમાર, દલપત ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારી કોલેજોમાં અનેક બેઠકો ખાલી પડી રહી હોવાનું સરકારે સ્વીકાર્યું

ગાંધીનગર, તા. ૨૭

રાજયમાં શિક્ષણમાં શ્રેષ્ઠ સ્થિતિ અને સુવિધા તેમજ શાળા-કોલેજોમાં મોટાપાયે ભરતી અભિયાન ચલાવાતું હોવાના દાવા વચ્ચે સરકારી કોલેજોમાં ક્યાંક પ્રાધ્યાપકો નથી તો અનેક કોલેજોમાં સેંકડો બેઠકો ખાલી પડી રહી હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. ભાજપના મનીષા વકીલે રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ના મંજૂર મહેકમ અંગે સવાલ કર્યો હતો. જેના લેખિત જવાબમાં શિક્ષણ વિભાગે જણાવ્યું હતું કે, કુલ ૧૫૧૯નું મંજૂર થયેલું મહેકમ છે તેમાંથી ૬૧૬ ભરાયેલી જગ્યાઓ છે જ્યારે ૯૦૩ ખાલી જગ્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા કુલ ૫૫૭ જગ્યાઓ ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માગણી પત્ર મોકલાવ્યા બાદ હાલ ઈન્ટરવ્યુની કામગીરી ચાલી રહી છે. .

કોંગ્રેસના ગ્યાસુદ્દીન શેખે એમબીએ અને એમસીએની સરકારી સહિતની કુલ કેટલી બેઠકો અને તેમાં કેટલી બેઠકો ખાલી રહી તે અંગે સવાલ પૂછયો હતો. જેના જવાબમાં શિક્ષણ વિભાગ દ્વારા જણાવાયું હતું કે, એમબીએમાં સેલ્ફ ફાયનાન્સમાં ૯૪૩૦ બેઠકમાંથી ૩૪૯૮ બેઠક ખાલી રહી હતી અને એમસીએમાં ૫૧૦૦ બેઠકમાંથી ૨૩૯ ભરાઈ હતી અને ૪૮૬૧ બેઠક ખાલી રહી હતી. એમસીએમાં સરકારી કોલેજમાં ૯૦માંથી ૧૦ ખાલી રહી હતી અનુદાનિતમાં એમબીએમાં ૪૪૦માંથી ૨૪ ખાલી રહી હતી.

### લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા

## હનુમાન જયંતીના પર્વ નિમિત્તે શ્રી મારૂતિ યજ્ઞનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ચૈત્ર સુદ પૂનમ અને શનિવાર, તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ હનુમાન જયંતિનું પવિત્ર પર્વ, ઘણા વર્ષો પછી આવો સંગમ જોવા મળેલ છે. હનુમાન જયંતિના પર્વ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે શ્રી જલારામ મંદિર, સેકટર-૨૯ ખાતે ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા 'શ્રી મારૂતિ યજ્ઞ'નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જે કોઈ ભાવિક ભક્તજનો આ ધાર્મિક 'શ્રી મારૂતિ યજ્ઞ'માં બેસવા ઈચ્છુક હોય તેમજ વિશેષ જાણકારી હેતુ નિલેષ પુજારા - ૯૮૨૪૨ ૬૦૨૮૬, પાર્થ ઠક્કર - ૯૮૨૫૬ ૦૮૭૪૪, અમીત હાલાણી - ૭૩૫૯૧ ૦૪૨૯૩, જીતેન્દ્રભાઈ ઠક્કર - ૯૫૭૪૭ ૪૫૧૪૬, જીગ્નેશ મજીઠીયા - ૯૮૨૫૪ ૭૦૦૪૪ અથવા શ્રી જલારામ મંદિર - ૨૩૨૨૩૬૧૪નો સંપર્ક કરવા વિનંતી છે.

સૌ ભાવિક ભક્તજનોને દર્શનનો લાભ લેવા સંસ્થા દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ગાંધી મિત્રવર્તુળ, ત્રિદલ અને વિશ્વગ્રામ દ્વારા કાશ્મીર વિષયે વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધી મિત્રવર્તુળ અને ત્રિદલ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વિશ્વગ્રામ સંસ્થા દ્વારા 'પડઘાતી સંભાવનાનો પ્રદેશ : કાશ્મીર' વિષયે ડંકેશ ઓઝાની ઉપસ્થિતિમાં હરિશંકર પુરાણી સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સૌ સાહિત્યપ્રેમીઓ, ભાવકો, નાગરિકોને સંસ્થા વતી ભાનુપ્રસાદ પુરાણીએ આમંત્રણ પાઠવ્યું છે.

## રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં વિદ્યાર્થીઓ માટે ફ્રી ડેન્ટલ ચેક-અપ કેમ્પ યોજાયો




સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં શાળા મેનેજમેન્ટ દ્વારા મંગળવારે વિદ્યાર્થીઓ માટે ફ્રી ડેન્ટલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિની સાથે સાથે તેમના શારીરિક સ્વાસ્થ્ય માટે પણ હંમેશાં કટિબદ્ધ રહેતા શાળા મેનેજમેન્ટે દાંતના રોગોના નિષ્ણાત તબીબ ડૉ. નિશાન પટેલ અને ડૉ. આરતી પટેલના સહયોગથી તમામ વિદ્યાર્થીઓ માટે દાંતને લગતા રોગોની મૅડિકલ તપાસનું સુંદર આયોજન કર્યું હતું. દાંતના રોગોની સારવારની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને તબીબો દ્વારા યોગ્ય સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને તેમના વાલીઓને આ બાબતની જાણ પણ કરવામાં આવી હતી.



અમદાવાદ ખાતે ઈન્ડિયા એન્વાયરમેંટ ફેસ્ટીવલ દ્વારા યોજાયેલ SAVE WATER ONE MINUTE VIDEO કાર્યક્રમમાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૭-Aમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દેવ પટેલ અને ધો -૭Bમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દેવ ચૌધરી દ્વારા તૈયાર કરેલ વિડીઓ પસદંગી પામ્યો હતો. સંસ્થા દ્વારા બાળકોને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષિકા સુબર્નાબેન અને અદિતિબેને સાથે જઈને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. શાળા પરિવાર તેમજ આચાર્યા મિલી સિંઘે વિજેતા બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## ૨૯મીથી ગાંધીનગરમાં યોગસત્ર

ગાંધીનગર, તા. ૨૭

સૅક્ટર-૧૩ વસાહત મંડળ અને વિવેકાનંદ કેન્દ્ર, કન્યાકુમારીની ગાંધીનગર શાખાના સંયુક્ત ઉપક્રમે એક યોગસત્રનું આયોજન તા. ૨૯મી માર્ચ ને ગુરુવારથી ૭મી એપ્રિલ, શનિવાર દરમિયાન સવારે ૬થી ૭.૩૦ કલાકે સ્વર્ણિમ પાર્ક, મહાત્મા મંદિરના ગેટ નં. ૫ની સામેના બગીચામાં રાખવામાં આવ્યું છે. આ યોગસત્રમાં વિવેકાનંદ કેન્દ્રએ નિશ્ચિત કરેલ અભ્યાસક્રમ મુજબ સૂર્યનમસ્કાર, આસન, પ્રાણાયામ, અષ્ટાંગ યોગની થિયરીનો અભ્યાસક્રમ આવરી લેવામાં આવશે. ૧૨ વર્ષથી ઉપરના તમામ ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકશે. આ યોગસત્રમાં ભાગ લેવા વસાહતના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા દ્વારા સૌ નાગરિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


## ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક બેઠક ૩૧મીએ મળશે

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની ચૂંટણીની જાહેરાત ઠરાવ મુજબની નહીં હોવાથી યોજી નહીં શકાય તેવો આદેશ હાઈકોર્ટે કર્યો છે. સાથે જ હાઈકોર્ટે આ સમગ્ર મામલે કાયદામાં સુધારો કરવાનો આદેશ યુનિવર્સિટી સત્તાવાળાઓને આપી રિટનો નિકાલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીની જાહેરાત થયા બાદ તેને સ્થગિત કરતા આ સમગ્ર મામલે હાઈકોર્ટ સમક્ષ વિવિધ દાદ માંગતી રિટ અરજીઓ કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા જાહેર કરી ચૂંટણી રદ કરી દેવાતા સમગ્ર મામલે થયેલી રિટમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે, 'આ ચૂંટણીનું જાહેરનામું ઓર્ડિનન્સ(ઠરાવ) અને કાયદાની જોગવાઈઓને અનુરૂપ નથી. તેથી કાયદાથી વિપરીત ચૂંટણીનું જાહેરનામું ટકી શકે નહીં.' પરિણામે ચૂંટણી નહીં યોજવાનો યુનિ.નો નિર્ણય હાઈકોર્ટે યોગ્ય ઠેરવ્યો છે. જો કે, તેની સાથે હાઈકોર્ટે યુનિવર્સિટી સત્તાધીશોને આદેશ કરીને કાયદા અને ઓર્ડિનન્સમાં સુધારો કરવાની તાકીદ પણ કરી છે. આગામી બેઠક સમયે અથવા તો વિશેષ બેઠક બોલાવીને આ સુધારો કરવા માટે આદેશ અપાયો છે. આ ઉપરાંત આ સમગ્ર મામલે ચૂંટણીમાં અનામતની નીતિનો અમલ કરવાની પણ દાદ મગાઈ હતી. જે મુદ્દે રાજ્ય સરકારને આગામી ત્રણ મહિનામાં ચૂંટણીને લગતા અનામતના નિયમો સ્પષ્ટ કરવાનો આદેશ પણ હાઈકોર્ટ દ્વારા અપાયો છે. આ સંજોગોમાં ચાલુ વર્ષે ચૂંટણી યોજી શકાય તેમ ન હોવાથી આગામી વર્ષે યોગ્ય સમયે સમયસર ચૂંટણી યોજવા માટે પણ આદેશ કરાયો છે. આ કેસમાં અરજદાર તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે, 'આ ચૂંટણીમાં હારનો ભય હોવાથી સત્તાધારી પક્ષ દ્વારા ચૂંટણી ન યોજાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. છેલ્લા ત્રણ વર્ષોથી એક અથવા બીજું કારણ આગળ ધરીને ચૂંટણી યોજવામાં આવતી નથી.' આ દલીલને હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી નહોતી. આ સમગ્ર મામલે થયેલી રિટમાં યુનિવર્સિટી તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, 'યુનિવર્સિટીમાં માર્ચ મહિનાથી પરીક્ષાઓ ચાલી રહી છે. તે સિવાય હાલ એવું અનુકૂળ વાતાવરણ પણ નથી કે ચૂંટણી યોજી શકાય.' જ્યારે કે અરજદાર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, 'વાઈસ ચાન્સેલરને ચૂંટણી રદ કરવાની કોઈ સત્તા નથી. યુનિવર્સિટી અનામતની નીતિનો અમલ પણ કરતી નથી.' આની સામે યુનિવર્સિટીએ દલીલ કરી હતી કે, 'વાઈસ ચાન્સેલરને સત્તા છે. તે ઉપરાંત અનામતની નીતિનો મુદ્દો યુનિવર્સિટીએ રાજ્ય સરકારને મોકલ્યો છે. સરકાર આ અંગે નિર્ણય લેશે.' બીજી તરફ યુનિવર્સિટીના સેનેટની ચૂંટણીમાં મતદાર યાદી રદ કરવાની માંગ કરનાર અરજદાર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, 'મતદાર યાદીમાં અનેક બોગસ મતદાતાઓ છે જેઓ રાજકારણ સાથે સંકળાયેલા વિવિધ કોલેજના બોગસ વિદ્યાર્થીઓ છે. આ યાદી રદ કરી નવી યાદી બનાવવી જોઈએ અને ત્યાં સુધી ચૂંટણી રદ રાખવી જોઈએ.' આ સમગ્ર મામલે ચૂંટણી સંબંધિત વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટ સમક્ષ રિટ કરવામાં આવી હતી. તે સિવાય ચૂંટણીમાં અનામતની નીતિનો અમલ થાય તેવી માંગ ઉપરાંત મતદાર યાદીમાં બોગસ મતદાતાઓ હોવાની રજૂઆત સાથેની અરજી પણ કરવામાં આવી હતી.

# આપણાં સંબંધો : અ વિઝન ફૉર ધ ફ્યુચર




ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, એક સ્વપ્નદ્રષ્ટા અને વૈજ્ઞાનિક સ્વ. અબ્દુલ કલામજીનું એક મહત્વાકાંક્ષી પુસ્તક ''ઈન્ડિયા ૨૦૦૦ - વિઝન ફોર ધ ન્યુ મિલેનિયમ'' વર્ષ ૧૯૯૮માં પ્રકાશિત થયું હતું. આ પુસ્તકમાં શ્રી કલામજીએ વર્ષ ૨૦૨૦માં ભારત કેવું હોવું જોઈએ તેનું પોતાનું 'વિઝન' આપ્યું છે. પોતાનું એ 'વિઝન' સાકાર કરવા ક્યા ક્યા પગલાં લેવા જોઈએ તેનું વિગતવાર વર્ણન કર્યું છે. વિવિધ ક્ષેત્રો જેવા કે ટેકનૉલોજી, અનાજ અને ખાદ્ય પદાર્થો, કૃષિ, ઉદ્યોગ, ઉત્પાદન, સેવા, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જેવા ક્ષેત્રોને આવરી લઈને તે અંગેનો 'એક્શન પ્લાન' તૈયાર કરીને વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતને કઈ દિશામાં લઈ જવું તેનો એક સચોટ ચિતાર આપ્યો હતો. આ પુસ્તકને આપણે એક 'વિઝન સ્ટેટમેન્ટ' પણ કહી શકીએ. આપણે પણ આપણાં વ્યક્તિગત જીવનમાં આ પ્રકારના 'વિઝન સ્ટેટમેન્ટ' તૈયાર કરીને વિવિધ પ્રકારના આયોજનો કરીને આપણાં ઘર, કુટુંબ, બાળકો, આપનો વ્યવસાય, કારકિર્દી, નાણાકીય પરિસ્થિતી વિગેરેની કલ્પના કરીને એક દિશા નક્કી કરતાં હોઈએ છીએ, એક ધ્યેય નક્કી કરતાં હોઈએ છીએ. એ 'વિઝન' ભલે કદાચ કાગળ ઉપર નથી હોતું પણ માનસિક રીતે તેનું ચિત્ર આપણે દોરીને તેની છાપ દોરીને તેની છાપ કયાં કરતાં જ હોઈએ છીએ.




પાંચ વર્ષ પછી મારું પોતાનું એક સુંદર મકાન બનાવીશ, ત્રણ વર્ષ પછી મારા આંગણામાં એક લક્ષુરિયસ કાર ઊભી હશે, મારા મોટા દીકરાને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનાવીશ, નાની દીકરી તો ડોક્ટર જ બનશે, દસ વર્ષમાં ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચવું છે, પંદર વર્ષમાં ધંધા કે વ્યવસાયનું મોટું સામ્રાજ્ય ઊભું કરવું છે, આ પ્રકારના આયોજનો કરીને એ ધ્યેયો પાર પાડવા માટે આયોજનો કરીએ છીએ. આપણાં 'વિઝન'ને તાદ્રશ્ય સ્વરૂપ આપવા માટે આપણે આયોજનપૂર્વકના કાર્યો અને મહેનત પણ કરતાં હોઈએ છીએ.

આપણાં જીવનમાં આપણી કારકિર્દી, આપણાં હોદ્દાઓ, આપણું નામ, આપણે મેળવેલી સંપતિ, ભૌતિક સગવડતાઓ અને કારકિર્દી જેટલું મહત્વ ધરાવે છે એટલુ જ, કદાચ એનાથી પણ વધારે મહત્વ આપણાં સાચુકલા સંબંધો ધરાવે છે. જીવનમાં દરેક પ્રકારના ભૌતિક સુખ હોય, ધન અને ધાનના ઢગલા હોય, આપણે અસિમ સંપતિના માલિક હોઈએ, ઉચ્ચ હોદ્દો ધરાવતા હોઈએ, પણ આપણાં જીવનમાં આપણાં વ્યક્તિગત સંબંધો અને સંબંધીઓ નહીં હોય, આપણાં સંબંધો સાચુકલા નહીં હોય તો એ સંપતિનો યોગ્ય ઉપયોગ પણ નહીં થઈ શકે. આપણું જીવન બહારથી ગમે એટલું ભર્યું ભર્યું હશે પણ સંબંધો અને સંબંધીઓ વિના અંદરથી એકદમ ખાલીખમ લાગશે

જીવનના અન્ય પ્રકારનાં કાર્યોમાં જેમ આગોતરા આયોજનો જરૂરી છે એ જ રીતે સંબંધો માટે પણ આગોતરા આયોજનો જરૂરી છે. આયોજન વિના જે રીતે કોઈપણ કાર્યો સફળ થઈ શકતા નથી એવી જ રીતે કોઈપણ પ્રકારના આયોજન વિના સંબંધો પણ સફળ થઈ શકતા નથી. ઉલટાના ક્યારેક ગૂંચવાઈ જવાની શક્યતાઓ વધી જાય છે.

આપણે એક નાનું ઉદાહરણ લઈએ. દરેક વ્યક્તિના ઘરની આસપાસ આઠ-દસ પાડોશીઓ રહેતા હોય છે. એ પાંચ-સાત પડોશીઓમાંથી એક-બે સાથે વ્યક્તિને ગાઢ સંબંધો હોય. એકાદ-બે સાથે માત્ર વાટકી વ્યવહાર હોય, એક-બે સાથે સામાન્ય સંબંધ હોય અને એક-બે સાથે માત્ર હાઈ -હેલો ના સંબંધો હોય. એ આઠ-દસ પાડોશીઓ સાથેના સંબંધો વિકસાવવા માટે કે તેને વધારે ગાઢ બનાવવા માટે આપણે ક્યારેય આગોતરું આયોજન કરીએ છીએ? કદાચ ના. જો એવું આયોજન કરીએ, એ સંબંધો વિકસાવવા એક સમયબધ્ધ કાર્યસૂચિ બનાવીએ અને એ કાર્યસૂચિ મુજબ પગલાં લઈએ તો ચોક્કસ રીતે આપણાં આયોજનો પાર પાડી શકીએ અને સંબંધોમાં નિશ્ચિત કરેલા ધ્યેય સુધી પહોચી શકીએ.

આ તો એક નાનું ઉદાહરણ થયું. આ જ રીતે કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો કે સહકર્મચારીઓ સાથેના સંબંધોમાં પણ જો સુવ્યવસ્થિત આયોજન કરીને, ધીમે ધીમે પગલાં ભરીને આગળ વધીએ તો સંબંધોના પરિણામો ખૂબ જ સારા આવી શકે અને આપણાં સંબંધો વધારે સારા, વધારે નક્કર બની શકે.

સંબંધો નક્કર કરવાનાં આપણાં 'વિઝન' ને સાકર કરવા માટે 'વિઝન સ્ટેટમેન્ટ' ની જેટલી આવશ્યકતા છે એટલી જ આવશ્યકતા તે અંગેની કાર્યસૂચિની (એક્શન પ્લાન) છે. નિશ્ચિત સમય દરમિયાન કેટલા સંબંધીઓની રૂબરૂ મુલાકાત લેવી, તેઓની સાથે કેટલો, ક્યારે, અને કેવી રીતે સમય ફાળવવો, કેટલા સંબંધીઓના મહેમાન આપણે બનવું અને કેટલા સંબંધીઓના યજમાન આપણે બનવું, ક્યાં સંબંધીઓ સાથે ક્યાં પ્રકારના સામાજિક અને આર્થિક વ્યવહારો કરવા એનું જો ગણતરીપૂર્વકનું આયોજન કરવામાં આવે તો સંબંધો વિકસાવવા અને ટકાવવાના આપણાં પુરુષાર્થનું હકારાત્મક પરિણામ આવી શકે.

એ વાસ્તવિક્તા છે કે સંબંધો અંગેના કાર્યોનું ગમે એટલું આગોતરું આયોજન કર્યું હોય કે 'વિઝન સ્ટેટમેન્ટ' પ્રમાણે કાર્યસૂચિ બનાવી હોય તો પણ ઘણીવાર આપણે તેનો અમલ કરવામાં નિષ્ફળ જઈએ છીએ કારણ કે કેટલાક સંજોગો આપણાં હાથમાં નથી હોતા. ક્યારેક પરિસ્થિતી જ એવી સર્જાતી હોય એહ કે ગમે તેટલા આયોજનો કરવા છતાં આપણાં હાથ હેઠાં પડી જાય છે અને બધા જ આયોજનો રફેદફે થઈ જાય છે. સંબંધીઓને ત્યાં કોઈના મરણ, કોઈને ત્યાં શુભ-અશુભ પ્રસંગો અને સંબંધીઓના પોતાના આયોજનો અને તેઓની ઈચ્છાશક્તિ ઉપર આપણો અંકુશ ના હોવાને કારણે આપણે આપણી કાર્યસૂચિનો અમલ કરવામાં ઘણીવાર નિષ્ફળ જઈએ. સંજોગો આપણાં હાથમાં ન હોવા છતાં, પરિસ્થિતી ઉપર આપણો સંપૂર્ણ કાબૂ ના હોવા છતાં આપણાં આયોજનમાં કઈક અંશે પણ જો સફળ થઈએ તો પણ આપણી મહેનત સાર્થક થશે અને તેનાથી આપણાં સંબંધોમાં ઘણો મોટો હકારાત્મક ફર્ક પડી શકે છે. જીવનના ધ્યેયો સિધ્ધ કરવા માટે જે રીતે સમય, શક્તિ અને નાણાંનું ગણતરીપૂર્વકનું રોકાણ કરીએ છીએ એ જ રીતે સંબંને નક્કર બનાવવાના ધ્યેયને હાંસલ કરવા માટે પણ સમય, શક્તિ અને ક્યારેક નાણાનું રોકાણ કરવું પડે. કોઈ પણ પ્રકારના રોકાણ વિના સંબંધોની સંપતિને પ્રાપ્ત કરવી, તેને અને સાચવી રાખવી કે એ સંપતિમાંથી વ્યાજની આવક મેળવવી અશક્ય છે.

આપણાં સંબંધોનું 'વિઝન સ્ટેટમેન્ટ' તૈયાર કરવું અઘરું નથી. તેને કાગળ ઉપર ઉતારવાની પણ જરીર નથી. માત્ર એક ચિતાર, એક કલ્પના, એક ધ્યેય નક્કી કરીએ અને તે પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરીએ તો નિશ્ચિતપણે આપણાં સંબંધોને આપણે ધારેલી દિશા તરફ લઈ જઈ શકીએ અને સંબંધોને નવા આયામો આપી શકીએ.